# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ પૂરક પરીક્ષા-૨૦૨૩ માટેની અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉ.ઉ.બુ. પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-૨૦૨૩ માં જે પરીક્ષાર્થીઓ એક(૧) વિષયમાં ગેરહાજર રહેલ હોય અથવા એક(૧) વિષયમાં અનુત્તિર્ણ (નાપાસ) હોવાને કારણે ગુણપત્રકમાં **(NEEDS IMPROVEMENT)** "સુધારણાને અવકાશ" ધરાવે છે તેવા પૂરક પરીક્ષા આપવા ઇચ્છુક પરીક્ષાર્થીઓ જુલાઇ-૨૦૨૩ ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે.

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ પૂરક પરીક્ષા ૨૦૨૩ માટે ઓનલાઇન આવેદન કરવાની અંતિમ તા.૧૪/૦૬/૨૦૨૩ નિયત કરવામાં આવેલ હતી, જે લંબાવીને તા.૧૭/૦૬/૨૦૨૩ ના રોજ સાંજે ૧૭:૦૦ કલાક સુધી કરવામાં આવેલ હતી.

વાવાઝોડાની કુદરતી આપત્તિની અસરને ધ્યાને લઇ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉ.ઉ.બુ. પ્રવાહની જુલાઇ પૂરક પરીક્ષા-૨૦૨૩ માટે જો કોઇ શાળા/વિદ્યાર્થીને આવેદનપત્ર ભરવાનું બાકી હોય તો તેવા વિદ્યાર્થીઓના આવેદનપત્ર અને નિયત ફી (વિદ્યાર્થીદીઠ રૂ.૧૪૦/-) નો ડી.ડી. તારીખ ૨૩/૦૬/૨૦૨૩ સુધીમાં બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીએ ઓફલાઇન રૂબરૂ ભરી શકાશે. જેની શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવી.

ખાસ નોંધ:-

- કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રીએ પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે. તેથી કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારો પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષા- ૨૦૨૩ માટે આવેદન (રજીસ્ટ્રેશન) કરવું ફરજીયાત છે.
- આવેદન કરવા માટે વિદ્યાર્થીની સહી કરેલ યાદી તથા ડી.ડી.(સચિવશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, **Payable at Gandhinagar)** બોર્ડની કચેરી ખાતે રૂબરૂ જમા કરાવવાના રહેશે.

નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:-૧૯/૦૬/૨૦૨૩
સ્થળ :- ગાંધીનગર